–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત અનુપમ (એપરલ પાર્ક) બ્રિજ (કાંકરીયાથી અનુપમ સિનેમા બ્રિજ) ખાતે સ્ટીલ બ્રીજ બનાવવાનું તેમજ ખસેડવાનું કામકાજ કરવામાં આવનાર છે. સદરહું કામકાજ કરવા માટે અગાઉ અત્રેથી તા.૨૪/૨/૨૦૨૬ તથા તા.૨/૬/૨૦૨૬ ના રોજ પ્રેસનોટ આપી 'ટ્રાફિક ડાયવર્ઝન પ્લાન' ની મંજુરી આપેલ હતી. પરંતુ કંપની દ્વારા ટેકનીકલ કારણોસર જે તે સમયે કામગીરી કરવામાં આવેલ ન હતી. હવે આ કામગીરી કંપની દ્વારા નીચે મુજબની વિગતે તબક્કાવાર કરવામાં આવનાર હોય **કોલમ નં.(૩) માં જણાવેલ તારીખ અને સમય મુજબ** અનુપમ સિનેમાથી કાંકરીયા તરફ જતો સંપુર્ણ કાંકરીયા બ્રીજ (અનુપમ બ્રીજ) વાહનોની અવર–જવર માટે બંધ રહેનાર છે. આ કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

<table>
<tr><th>બંધ રહેનાર માર્ગ</th><th>વૈકલ્પિક માર્ગ</th><th colspan="2">તારીખ અને સમય</th></tr>
<tr><td>(૧)</td><td>(૨)</td><td colspan="2">(૩)</td></tr>
<tr><td rowspan="8">અનુપમ સિનેમાથી કાંકરીયા તરફ જતો સંપુર્ણ કાંકરીયા બ્રીજ (અનુપમ બ્રીજ) વાહનોની અવર–જવર માટે પ્રતિબંધ રહેશે.</td><td rowspan="8">• કાંકરીયા બ્રિજ (અનુપમ બ્રીજ) તરફ જતા ટુ વ્હીલર, મધ્યમ તથા ભારે વાહનોએ કાંગારૂ સર્કલ (મહારાણા પ્રતાપ) થી મદ્રાસી મંદિર થઈ ઝગડીયા બ્રીજ તરફ અને ત્યાંથી દેડકી ગાર્ડન થઈ જઈ શકશે.
• અનુપમ બ્રિજ તરફ જતા ટુ વ્હીલર,મધ્યમ તથા ભારે વાહનોએ દેડકી ગાર્ડન ચાર રસ્તા થઈ સિદ્ધિ વિનાયક સર્કલથી ડાબી બાજુ વળી રેલ્વે કોલોની ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી એલ.જી. ચોકી ત્રણ રસ્તા થી ડાબી બાજુ વળી ઝઘડીયા બ્રીજ થઈ ખોખરા, હાટકેશ્વર, સી.ટી.એમ. તરફ જઈ શકશે.</td><td colspan="2">Launching Work:</td></tr>
<tr><td>તારીખ</td><td>સમય</td></tr>
<tr><td>૫.૭.૨૦૨૬</td><td>૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી</td></tr>
<tr><td>૧૦.૭.૨૦૨૬</td><td>૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી</td></tr>
<tr><td colspan="2">Dismantling Work:</td></tr>
<tr><td>તારીખ</td><td>સમય</td></tr>
<tr><td>૧૩.૭.૨૦૨૬</td><td>૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી</td></tr>
<tr><td>૧૪.૭.૨૦૨૬</td><td>૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી</td></tr>
</table>

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩/૭/૨૦૨૬

'સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક નાઓના હુકમથી'

(સંદીપ મોદી)
પોલીસ ઇન્સપેક્ટર
રીડર ટુ સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર